# ભિલોડાનગરમાં ઠેર-ઠેર દેશી-વિદેશી દારૂના અડ્ડા ધમધમતા મહિલાઓમાં રોષ

## ભિલોડા ગ્રામ પંચાયત સરપંચની આગેવાની હેઠળ પી.એસ.આઈ. અને મામલતદારને દારૂના અડ્ડા બંધ કરાવવા આવેદનપત્ર અપાયું

ભિલોડા,તા.૬

ભિલોડાનગર સહિત નવાભવનાથ વિસ્તારમાં ઠેર-ઠેર દેશી-વિદેશી દારૂના અડ્ડા ધમધમતા હોવાના કારણે મહિલાઓ રણચંડી બની હતી.ભિલોડા ગ્રામ પંચાયત સરપંચની આગેવાની હેઠળ પી.એસ.આઈ. અને મામલતદારને દારૂના અડ્ડા બંધ કરાવવા આવેદનપત્ર અપાયું હતું. સાબરકાંઠા જીલ્લાના ભિલોડાના નવાભવનાથ વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી દારૂની બદી ફુલીફાલી હોવાના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. મહિલાઓ કાળી મજુરી કરી બસો-અઢીસો કમાવી ઘરે જતાંની સાથે પતિદેવો ગાળો દેતાને દેતા લાય પૈસા લાય કરી ગાળમગાળી ને મારકુટ કરી પૈસા પડાવી લઈ સીધા દારૂના અડ્ડે પહોંચે છે. મનને ભાવે તેટલો દારૂ પીધા બાદ લથડતા લથડતા ઘરે આવી છોકરા-પત્ની સાથે બિભત્સ ગાળો બોલી મારકુટ કરી હેરાન-પરેશાન કરતાં હતા. નવાભવનાથની ચેનવા સમાજની ૩૦ થી ૩૫ જેટલી મહિલા જાણે કે રણચંડી બની ભિલોડા ગ્રામ પંચાયત કચેરીમાં આવી દારૂના અડ્ડા બંધ કરાવો... માણસોને બચાવો... જેવા સુત્રોચાર કરતી મહિલાઓ ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, ડે.સરપંચ અનિલભાઈ રાવલ તેમજ ભિલોડા ગ્રામ પંચાયતના ભવનાથ વિસ્તારના ચાર પાંચ સદસ્યો તેમજ ગામના ચાર પાંચ અગ્રણીઓને જાણ કરી તેઓને પણ સાથે લઈ ભિલોડા પોલીસ સ્ટેશન અને મામલતદારને આવેદનપત્ર આપી જણાવેલ છે કે ૨૪ કલાકની અંદર તમામ દેશી-વિદેશી દારૂના અડ્ડા બંધ થઈ જવા જોઈએ. તે ઉપરાંત જાણવા મળ્યું છે કે દારૂની નોબતથી બિમારીના ખપ્પરમાં પડી ચાર વર્ષના ટુંકાગાળામાં ૨૮ જેટલા નવજુવાન છોકરાઓને દારૂએ પતાવી દીધા છે. જેમાં (૧) ચેનવા વીરાભાઈ કચરાભાઈ (૨) ચેનવા ડાહ્યાભાઈ ધુળાભાઈ (૩) ચેનવા ચંદુભાઈ શાંમળભાઈ (૪) ચેનવા બાબુભાઈ ભગાભાઈ (૫) ચેનવા અમરતભાઈ ભગાભાઈ (૬) ચેનવા કાંતીભાઈ પશાભાઈ (૭) ચેનવા કાભાઈ પશાભાઈ (૮) ચેનવા અમરતભાઈ વાલાભાઈ (૯) ચેનવા કાંતીભાઈ કચરાભાઈ (૧૦) ચેનવા ડાહ્યાભાઈ કચરાભાઈ (૧૧) ચેનવા ધનાભાઈ ડાહ્યાભાઈ (૧૨) ચેનવા પ્રવિણભાઈ ધનાભાઈ (૧૩) ચેનવા શાંમળભાઈ નાથાભાઈ (૧૪) ચેનવા મણાભાઈ નાથાભાઈ (૧૫) ચેનવા કાંતીભાઈ લલ્લુભાઈ (૧૬) ચેનવા સેધાભાઈ ગલાભાઈ (૧૭) ચેનવા વાલાભાઈ પુજાભાઈ (૧૮) ચેનવા રાંમાભાઈ નાથાભાઈ (૧૯) ચેનવા રાંમાભાઈ કચરાભાઈ (૨૦) ચેનવા સુરેશભાઈ ડાહ્યાભાઈ (૨૧) ચેનવા ગલબાભાઈ કાળાભાઈ (૨૨) ચેનવા ભગાભાઈ પુજાભાઈ (૨૩) ચેનવા માધાભાઈ પુજાભાઈ (૨૪) ચેનવા જયંતીભાઈ શાંમળભાઈ (૨૫) ચેનવા લક્ષ્મણભાઈ શાંમળભાઈ (૨૬) કડવાભાઈ નાથાભાઈ (૨૭) સોનાભાઈ ગલબાભાઈ (૨૮) મગનભાઈ પુજાભાઈનો સમાવેશ થાય છે.

વિધવા બનેલ મહિલાઓ (૧) ચેનવા ભીખીબેન શાંમળભાઈ (૨) ચેનવા જીતુબેન ચંદુભાઈ (૩) ચેનવા રાંમીબેન કાંતીભાઈ (૪) ચેનવા શાંતાબેન ડાહ્યાભાઈ (૫) ચેનવા નાથીબેન મણાભાઈ (૬) ચેનવા મોનીબેન મોતીભાઈ (૭) વાલીબેન બાબુભાઈ (૮) ચેનવા સવિતાબેન પ્રભુદાસ (૯) ચેનવા કોદીબેન વાલાભાઈ (૧૦) ચેનવા કોદીબેન સધાભાઈ (૧૧) અંબાબેન સોનાભાઈ (૧૨) ચેનવા ખેમીબેન મોતીભાઈ (૧૩) ચેનવા હંસાબેન કાંતીભાઈ (૧૪) ચેનવા શાંતાબેન કડવાભાઈ (૧૫) ચેનવા લીલાબેન નાથાભાઈ (૧૬) ચેનવા હિનાબેન ગલબાભાઈ (૧૭) ચેનવા રાજીબેન રાંમજીભાઈ (૧૮) ચેનવા મંજુબેન અમૃતભાઈ (૧૯) ચેનવા નાથીબેન મગનભાઈ (૨૦) ચેનવા નાથીબેન મણીભાઈ નો સમાવેશ થાય છે.

જુન-૨૦૧૩ માં ત્રણ જણાના મૃત્યું થયા છે.તેમાં (૧)ચેનવા કડવાભાઈ નાથાભાઈ (૨)ચેનવા સેંધાભાઈ ગલાભાઈ (૩)તા.૫/૭/૦૧૩ ના રોજ ચેનવા અમરતભાઈ વાલાભાઈનું મૃત્યું થયું છે.ભિલોડા પંથકમાં દારૂના અડ્ડા તો જાણે કે ઠેર-ઠેર રાફડા ફાટ્યા છે.જાહેર સ્થળો એસ.ટી.સ્ટેન્ડ, સીનેમાઘરો,વિડીયો સેન્ટરો અને ભર રસ્તે કીકીયારીઓ કરતા દારૂડીયા ઠેરે-ઠેર જોવા મળે છે. મઉં રોડ, હાથમતી નદી વિસ્તાર,સાંઈ બાબા મંદીર તરફ,જમીન ચકાસણીની જર્જરીત બિલ્ડીંગ તેમજ જર્જરીત ક્વાર્ટસોમાં ધોળે દહાડે કુટણખાનાં અને ઈલુ-ઈલુના દશ્યો ઠરે-ઠેર જોવા મળે છે. ધાર્મિક લોકોની લાગણીને ઠેસ પહોંચાડતા હોય છે.


# પ્રાંતિજ નજીક કતપુર ગામે સામાન્ય તકરારમાં ધારીયા-લાકડીઓ ઉછળી : એકનો ઈજા

પ્રાંતિજ, તા. ૭

પ્રાંતિજ તાલુકાના કતપુર ગામે ગત મોડી સાંજે સામાન્ય બોલાચાલી થયા બાદ મામલો બિચકતા બે વ્યક્તિ વચ્ચે લાકડીઓ અને ધાર્યાઓ ઉછળ્યા હતા જેમાં એક શખ્સને શરીરે ઈજાઓ થતા તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના કતપુર ગામે ગતરોજ મોડી સાંજે બે વ્યક્તિઓ વચ્ચે નજીવી બાબત સામાન્ય બોલાચાલી થઈ હતી અને બાદમાં સમગ્ર મામલો બિચકતા બન્ને પક્ષે લાકડીઓ અને ધાર્યા ઉછળ્યા હતા. જેમાં એક શખ્સને પગના ભાગે ધારીયુ અને લાકડીઓ વાગતા ઈજાઓ થવા પામી હતી. બાદમાં હુમલાખોરો હુમલો કરી ધમકીઓ આપી સ્થળ પરથી નાસી છુટ્યા હતા. આ ઘટનાની જાણ પ્રાંતિજ પોલીસને થતા પોલીસ ઘટનાસ્થળે આવી હતી અને ફરિયાદીની ફરિયાદના આધારે હુમલાખોરો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જે અંગે પ્રાંતિજ પોલીસના પી.આઈ. એમ.ડી. જાડેજા તપાસ ચલાવી રહ્યા છે.





પાલનપુર કોલેજના ઈતિહાસ વિષયના પ્રો. ડૉ. દિપકભાઈ પટેલે પાલનપુર રાજ્યનો ઈતિહાસ (ઈ.સ. ૧૯૪૮) પુસ્તક લખ્યું છે. આ પુસ્તકનો વિમોચન સમારોહ જી. ડી. મોદી વિદ્યા સંકુલમાં આવેલ લીલાબેન પરીખ હોલ ખાતે ગતરોજ સવારે ૧૦ કલાકે યોજાયો હતો. જાણીતા ઈતિહાસવિદ્ ડૉ. મકરંદભાઈ મહેતા (પૂર્વાધ્યક્ષ) સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના વરદ્‌હસ્તે પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિરીષ મોદી, ડૉ. ઈશ્વરલાલ ઓઝા સહિત ઈતિહાસ પ્રેમી નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# સ્પેશયલ ખેલ મહાકુંભ અંતર્ગત માનસિક ક્ષતિગ્રસ્ત વિજેતા ખેલાડીઓનું સન્માન કરાયું

મહેસાણા, તા.૭

મહેસાણા શહેરની સાર્વજનિક વિદ્યાલય ખાતે ખોડીયાર એજયુકેશન ટ્રસ્ટ દ્વારા સ્પેશયલ ખેલમહાકુંભ ૨૦૧૨-૧૩ અંતર્ગત જિલ્લા કક્ષાએ વિજેતા થયેલ માનસિક ક્ષતિ ધરાવતા બાળકોનો ઈનામચેક વિતરણ સમારોહ નાણા અને આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલના હસ્તે રખાયો હતો. જેમાં મહેસાણા જિલ્લાના ૩૩૯ વિજેતા બાળકોને ૫ હજારથી માંડીને ૨ હજાર સુધીની ઈનામના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સાઉથ કોરીયા ખાતે યોજાયેલ વિશ્વ વિન્ટર ફલોર હોકી ગેમ ૨૦૧૩માં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો તેનું સન્માન મંત્રીશ્રી નિતીનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત શ્વેતા ગોસાઈએ જેને એથેન્સ ખાતે સ્વિમીંગ બેક સ્ટાઈલ ૨૫ મીટર વિશ્વ સમર ગેમ ૨૦૧૧ યોજાઈ હતી જેમાં ગોલ્ડ મેડલ મેળવ્યો તેનું સન્માન મંત્રીશ્રી નિતીનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રૂપિયા ૯,૨૬,૦૦૦ જેટલી રકમના ચેક એનાયત કરવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે નાણા અને આરોગ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે મહેસાણા શહેરમાં યોજાયેલ આ કાર્યક્રમ હૃદયને સ્પર્શી જાય તેવો છે આ કાર્યક્રમ દ્વારા સાબિત કરી આપેલ છે કે મંદબુદ્ધિના બાળકો શ્રાપ નહી પરંતુ વરદાન છે. મુખ્યમંત્રીશ્રીની દિર્ઘદષ્ટિના પગલે આજે માનસિક ક્ષતિગ્રસ્ત ધરાવતા બાળકો માટે ખાસ ખેલમહાકુંભનું આયોજન કરેલ છે જેના દ્વારા આ બાળકો પોતાની શકિત સમગ્ર દુનિયાને બતાવવાની તક મળે છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે વિકલાંગો રમતગમત ક્ષેત્રે આગળ આવે તે માટે રાજય સરકાર દ્વારા રૂપિયા ૧૦ કરોડની અંદાજપત્રમાં જોગવાઈ કરી છે. આ ઉપરાંત દરેક જિલ્લામાં રમતગમત સંકુલ બનાવવા માટે રૂપિયા ૧૫ કરોડની જોગવાઈ કરેલ છે.

# તલોદ લાયન્સ કલબ દ્વારા ત્રિવેણી સંગમ યોજાયો

## ૩૩મો પદવીદાન સમારોહ, ડેન્ટલ ચેર અર્પણ વિધિ : તેજસ્વી તારલાઓનું બહુમાન અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

તલોદ, તા. ૭

સાબરકાંઠાની વાણિજય નગરી તલોદ મુકામે દિગંબર જૈન વાડીમાં પાસ્ટ ડીસ્ટ્રીક્ટ ગર્વનર લાયન ડૉ. પ્રવિણકાન્ત દવે અને ઉદ્યોગપતિ સિટી સ્ટાઈલ્સ હિંમતનગરના રેવાભાઈ પટેલ તેમજ ધારાસભ્ય મહેન્દ્રસિંહજી બારૈયાની ઉપસ્થિતિમાં ૩૩મો પદવીદાન સમારોહ, ડેન્ટલ ચેર અર્પણવિધિ, તેજસ્વી તારલાઓનું બહુમાન, વૃક્ષારોપણ કાર્યક્રમ તલોદ લાયન્સ કલબ આયોજિત ઝોન-૧, રીજીયન-૫ લાયન નરેશભાઈ ડી. શાહની નિશ્રામાં યોજાઈ ગયો.

આ વેળાએ લાયન્સ કલબના તમામ સભ્યો, મહાનુભાવોની હાજર રહ્યા હતા. આ સમારંભમાં નમસ્કાર સહકારી શરાફી મંડળીના ચેરમેન વિનોદ ગાંધી, તલોદ વેપારી મહાજનના પ્રમુખ અનિલભાઈ ગાંધી તેમજ તાલુકા પંચાયતના પ્રમુખ બંસીધર મહેતાએ ખાસ હાજરી આપી હતી.

૩૩મા નવા વર્ષની ટીમના તથા તેના પ્રમુખ મણીભાઈ મૂળજીભાઈ પટેલને તેમના પદની ગ્રહણ વિધિ ડૉ. પ્રવિણકાન્ત દવેએ કરાવી હતી તેમજ બોર્ડ ઓફ ડીરેક્ટર અને ૨૦૧૩-૧૪ લાયન્સ કલબ ઓફ તલોદની ટીમ પ્રમુખ, ઈ.પા. પ્રમુખ, મંત્રી, સહમંત્રી, ખજાનચી, સહખજાનચી, પ્રથમ ઉપપ્રમુખ, દ્વિતીય ઉપપ્રમુખ, તૃતીય ઉપપ્રમુખ, ટેમર, ટેલર ટ્વીસ્ટરને બહુમાન કરી તેમના સ્થાને બેસાડ્યા હતા. તલોદના તેજસ્વી તારલાઓને બિરદાવી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. સ્વાગત ગીત બાદ પ્રતિજ્ઞા પત્રનું વાંચન જગદીશભાઈ શાંતિભાઈ પટેલે કર્યું હતું. સ્વાગત પ્રવચન ઈ.પા. પ્રમુખ નરેશ ડી. શાહે કરી સૌ લાયન્સોને અને મહેમાનોનું આવકાર સ્વાગત કર્યું હતું. તલોદની સેવાભાવી સંસ્થા લાયન્સ કલબની સેવાકીય પ્રવૃત્તિનો ચિતાર ચિરાગ પટેલે વાંચી સંભળાવ્યો હતો.

ડૉ. પ્રવિણકાન્ત દવે તેમના આબેહુબ પ્રવચનમાં જણાવ્યું હતું કે સેવા કરવાની તકો દરેકને મળે છે પણ તેનો ઉપયોગ તેજ મહત્ત્વનું છે. તકને તાકાતમાં ફેરવી નાખો, નાનું કામ કર્યું હોય પણ તે સમાજ ઉપયોગી હોય તેના ગુણગાન ગાઓ, લાયન્સ બોર્ડ રીતી અને નીતિ ઘડે છે. વધુમાં તેમણે ઉમેર્યું કે યોગી ન બનો તો વાંધો નથી પણ ઉપયોગી તો બનજો જ. જાતને અને બુદ્ધિને ઘસો તો ઉજળા અને ઉપયોગી બનાશે.

૩૩મા લાયન્સ કલબ ઓફ તલોદના પ્રમુખ બનેલા મણીભાઈ પટેલે સેવા કરવાની આ સંસ્થા દ્વારા તક મળી છે તેનો ઉપયોગ કરીશ. મોટા પાસેથી લઈ નાના નિરાધાર માણસને આપવાનું કાર્ય કરીશું. તેમાં મારી ટીમ મને સાથ આપશે જ. બોર્ડ ઓફ ડીરેક્ટરોને પણ તેમના સ્થાને બેસાડ્યા હતા.

## શબ્દાવલી - ૫૧૧૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ■ | ૫ |
| | ■ | ૬ | | | | ૭ | |
| ૮ | | ■ | | ■ | ■ | ૯ | |
| | ■ | ૧૦ | ■ | ૧૧ | ૧૨ | | |
| ■ | ૧૩ | | ■ | ૧૪ | | | ■ |
| ૧૫ | | ■ | ૧૬ | | ■ | | ■ |
| ૧૭ | | ૧૮ | ■ | ૧૯ | ૨૦ | ■ | ૨૧ |
| | ■ | ૨૨ | | ■ | ૨૩ | | |

### આડી ચાવી

૧. અધમ પુરૂષ (૪)
૬. લગ્નમાં વપરાતો ખાસ દિવો (૬)
૮. રોપડા, વાવવાના છોડ (૨)
૯. ... વગરનું, ધંગધડા વિનાનું (૨)
૧૧. પાર ઉતાર્યાની કિંમત (૪)
૧૩. દેવું, કરજ (૩)
૧૪. સંતોષ (૩)
૧૫. ભૂલ, ચૂક (૨)
૧૬. લીંપણ (૨)
૧૭. જમીનને ખોદવાનું સાધન (૩)
૧૯. શિક્ષા, દંડ (૨)
૨૨. બાણ, શર (૨)
૨૩. આંખ, ચક્ષુ (૩)

### ઊભી ચાવી

૧. કંઈ અસર ના થાય તેવું (૪)
૨. પૃથ્વી, ધરણી (૨)
૩. જીદ (૩)
૪. ટાઈલ્સ (૨)
૫. અવળચંડાઈ (૪)
૭. વરાધ, એક રોગ (૫)
૧૦. જવાબદારી, ફરજ (૨)
૧૧. ખાંસી (૪)
૧૨. મલાઈ (૨)
૧૩. થોડુંક, જરાક (૩)
૧૫. પરશુરામે ૨૧ વાર પૃથ્વી પરથી... નો નાશ કર્યો હતો (૩)
૧૮. બુદ્ધિ (૨)
૨૦. જીવ (૨)
૨૧. શરીર (૨)

### શબ્દાવલી ૫૧૧૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) લાચાર (૩) કુમકુમ (૬) મનેખ (૭) કરોડપતિ (૯) આરામ (૧૧) બોપટ્ટી (૧૩) શિખવણી (૧૪) જલા (૧૫) ચાખડી (૧૬) હર (૧૭) બેલા (૧૯) સુનયના (૨૦) વિનય

**ઊભી ચાવી :-** (૧) લાયક (૨) રખડપટ્ટી (૩) કુમતી (૪) મન (૫) કુખ (૮) દામણી (૯) આખડી (૧૦) રાવ (૧૧) બોજ (૧૨) પલાયન (૧૩) શિખર (૧૫) ચાહના (૧૭) બેન (૧૮) લાય



ડીસા ખાતે વસતાં ક્ષત્રિય સમાજ કર્મચારી મંડળની ત્રીજી સાધારણ સભાનું આયોજન ડીસા તાલુકાનાં નાની આખોલ ગામે આવેલ. પ્રાથમિક શાળામાં શનિવારનાં રોજ કરવામાં આવ્યું હતું. જેમાં મંડળના પ્રમુખ મદારસિંહ મકવાણા દ્વારા સમાજનાં બાળકો માટે સેમીનારનું આયોજન કરવું, સમાજ વ્યસન મુક્ત થાય, કન્યા કેળવણી, સમાજ શિક્ષણ ક્ષેત્રે આગળ વધે જેવો વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી તેનું પાલન કરવા માટે કટ્ટી બંધ થઈ સમાજને આગળ લાવવાનાં પ્રયાસો હાથ ધર્યા હતાં આ પ્રસંગે કર્મચારી મંડળના પ્રમુખ મદારસિંહ મકવાણા, મંત્રી જયેન્દ્રસિંહ સોલંકી, કારોબારી સભ્યો સહિત સેન્ટર પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

## કડક સુરક્ષા... ● પહેલા પાનાનું ચાલુ

બીજના દિવસે રથયાત્રાનું પરંપરાગત રીતે આયોજન કરવામાં આવે છે. જેમાં જમાલપુરથી જગન્નાથજીની રથયાત્રાનો પણ સમાવેશ થાય છે. આ સંબંધમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, ૯૧ રથયાત્રા અને ૪૧ શોભાયાત્રા માટે પુરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી ચુકી છે. સીઆરપીએફની ૨૦ કંપનીઓ તૈનાત રહેશે. જે પૈકી ૧૪ કંપનીઓને અમદાવાદમાં જ્યારે વડોદરા અને ભાવનગરમાં એક એક કંપનીને તૈનાત કરાશે. ચાર કંપનીઓને રિઝર્વમાં રાખવામાં આવશે.

વધુમાં સ્ટેટ રિઝર્વ પોલીસ (એસઆરપી)ની ૪૨ કંપનીઓ જુદા-જુદા સેન્ટરો ઉપર ગોઠવવામાં આવશે. રાજ્યના પોલીસ અધિકારીઓએ કહ્યું છે કે, અમદાવાદ, ભાવનગર, વડોદરા, ધોળકા, ભરૂચ, બિલીમોડા, કલોલ, મોડાસા, પાટણ અને પાલનપુર જેવા શહેરોમાં ૧૭ યાત્રાઓ વધારે મહત્વપૂર્ણ છે. અધિકારીઓનું કહેવું છે કે, યાત્રાના રૂટ ઉપર સંવેદનશીલ સ્થળો ઓળખી કાઢવામાં આવ્યા છે. યાત્રા દરમિયાન શાંતિપૂર્ણ માહોલ રહે તેની ખાતરી કરવા માટે જુદા-જુદા સમુદાયના નેતાઓ સાથે વાતચીત થઈ ચુકી છે.

સંકલન માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદ માટે પણ વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેના ભાગરૂપે બે બોંબ નિષ્ક્રીય કરતી અને નિકાલ કરતી ટુકડીઓ, ત્રણ હજારથી વધુ ઓફિસરો અને જવાનો તૈનાત રહેશે. યાત્રા ઉપર નજર રાખવામાં શહેર પોલીસની મદદ માટે બે ડીઆઈજી રહેશે. રૂટ ઉપર ૨૦ સીસીટીવી કેમેરા ગોઠવાયા છે. કંટ્રોલ રૂમ ઈન્ટરનેટ વ્યવસ્થા મારફતે લાઈવ લોકેશન ડેટા મેળવશે. વરિષ્ઠ પોલીસ અધિકારીઓ રથયાત્રામાં કોઈપણ તક લેવા તૈયાર નથી.

## પાટણ મંદિરોની નગરી પુસ્તકનું લોકાપર્ણ કરાયું

અમદાવાદ, તા. ૭

મુકુંદભાઈ પી. બ્રહ્મક્ષત્રિય લિખિત ગ્રંથ 'પાટણ : મંદિરોની નગરી' નું લોકાપર્ણ કરતાં મહેસૂલ મંત્રી શ્રીઆનંદબીને પટેલે જણાવ્યું કે લેખક મુકુંદભાઈ બ્રહ્મક્ષત્રિય પાટણનો પર્યાય છે અને હરતી-ફરતી યુનિવર્સિટી છે. યુનિવર્સિટીના ભવનોમાં જે જ્ઞાન ઉપલબ્ધ ન હોય તેવ તમામ જ્ઞાન લેખક સંગ્રહિત કરી બેઠાં તેમ તેમણે જણાવ્યું હતું. આપણો સંસ્કરા વારસો આગળ ધપાવવા માટે જ્ઞાન અને માહિતી પૂરી પાડતાં પુસ્તકો જરૂરી છે. આ પુસ્તકરો જ આપણી સંસ્કૃતિને આગળ ધપાવવાનું કાર્ય કરશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. પુસ્તક દરેક ઘરમાં હોવું જોઈએ તેમ જણાવી મંત્રીએ જણાવ્યુંકે સમારંભોમાં મોમેન્ટો અર્પણ કરવાની પ્રણાલીને બદલે હવે પુસ્તકો સ્વીકારવાની પ્રણાલી ઉભી કરી છે.

# હિંમતનગર મદ્રેસા હાઈસ્કૂલનું ગૌરવ

હિંમતનગર, તા. ૭

હિંમતનગરમાં આવેલી મદ્રેસા હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ માં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરી શાળા અને સમાજનું ગૌરવ વધાર્યું છે.

સાબરકાંઠાના હિંમતનગર ખાતે આવેલી મદ્રેશા હાઈસ્કૂલ હિંમતનગરમાં ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની નુરાનીખાતુન વડાલીવાળાએ ૯૯.૪૮ પર્સન્ટાઈલ રેન્ક ગ્રેડ-એ-૧, અને વિદ્યાર્થી મો. મોઈન લાલાએ ૯૮.૧૬ પર્સન્ટાઈલ રેન્ક ગ્રેડ-એ-૨ સાથે ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કર્યા હતા અને શાળા સહિત સમાજ અને જિલ્લાનું નામ રોશન કર્યું હતું બન્ને વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ શાળાના કેળવણી મંડળના પ્રમુખ ગુલામમોહયુદ્દીન હરસોલીયા મંત્રી અલ્તાફહુસેન સાબુગર, અ. હકીમ હરાદવાલા તથા અન્ય હોદ્દેદારો અને શાળાના આચાર્ય ઝહુર એહમદ મુતવલ્લી અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## મહિલા મતદારો ઓછા... ● પહેલા પાનાનું ચાલુ

ઝડપથી પૂર્ણ થઈ જાય તે આ ઝુંબેશ દરમ્યાન જોવામાં આવશે.

લોકસભાની આવી રહેલી ચૂંટણી માટે ક્ષતિરહિત મતદાર યાદી તૈયાર કરવા તંત્રએ કવાયતનો આરંભ કરી દીધો છે. હાલ આ મતદારયાદી સુધારણાની ઝુંબેશ થોડીક ધીમી ગતિએ ચાલી રહી છે પરંતુ આગામી દિવસોમાં તે વધુ વેગીલી બનાવવા અંગેની આખી બ્લ્યુ પ્રિન્ટ અધિકારીઓએ તૈયાર કરી દીધી છે.

મળતી વિગતો મુજબ હાલ જિલ્લામાં જે ઝુંબેશ ચાલી રહી છે તે આગામી સપ્તાહથી એકદમ સઘન બનાવવામાં આવશે. આ વખતે યુવા અને મહિલા મતદારોની નોંધણી પર જ ભાર મુકવામાં આવશે.

જિલ્લામાં યુવા મતદારોની નોંધણી પણ ઓછી જણાઈ છે. મળતી હકીકતો મુજબ યુવા મતદારોની સંખ્યામાં પણ ૨૧ ટકા જેટલો ઘટાડો વસ્તીના પ્રમાણમાં જણાયો છે તેથી તંત્રની ચિંતામાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે. ૧૮ થી ૨૯ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૨૨.૩૭ ટકા વસ્તીના પ્રમાણમાં હોવી જોઈએ પણ તેની સામે આ ટકાવારી માત્ર ને માત્ર ૨૦.૧૫ ટકા જ છે. આમાંય ૧૮ થી ૧૯ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૨.૭૫ ટકા જ છે જે ખરેખર ૪ ટકા હોવી જોઈએ. તંત્રએ આ મતદારોની સંખ્યા ૩.૬૨ ટકા સુધી લઈ જવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

દરમ્યાન જિલ્લામાં મતદાર યાદી સુધારણાને લઈ ચાલી રહેલી કામગીરીની સમીક્ષા માટે આજે જિલ્લા કલેક્ટરશ્રી સાથે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ અનીતા કરવાલે બેઠક પણ રાખી હોવાનું જાણવા મળેલ છે. તંત્રએ મતદાર યાદી સુધારણા માટે યુવા મતદાર મહોત્સવનું પણ આયોજન કર્યું છે.

## નામ નહીં મોકલાવાય... ● છેલ્લા પાનાનું ચાલુ

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ભૂતકાળમાં ચૂંટણી ફરજ માટે ગુજરાતમાંથી ૫૦ કરતાં વધુ સનદી અધિકારીઓના નામોની યાદી મોકલવામાં આવતી હતી અને અંદાજે ૫૦ જેટલા ગુજરાતના અધિકારીઓને અન્ય રાજયોમાં ચૂંટણી ફરજ માટે મોકલવામાં આવતા હતા. જેના કારણે રાજ્યના વહીવટી કામકાજમાં અને રાજ્ય સરકારની યોજનાઓના અમલીકરણ ઉપર માઠી અસરો પડવા પામી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ એક ઉચ્ચ કક્ષાની બેઠક મળી હતી. જેમાં કેટલાક અધિકારીઓએ એવું સૂચન કર્યું હતું. ચાર રાજ્યોની ચૂંટણીઓમાં અન્ય રાજ્યમાંથી અધિકારીઓ મોકલવાને બદલે એક બીજાના રાજયોમાં અરસપરસ અધિકારીઓને મોકલવા જોઈએ. આ સૂચન અંગે રાજ્યના મુખ્ય સચિવે એવું જણાવ્યું હતું કે આ માટે રાજ્યના મુખ્યમંત્રી કક્ષાએથી મુખ્ય ચૂંટણી કમિશનરને રજુઆત કરવી પડે. જેના પગલે હવે આ અંગે રાજ્ય સરકારે મુખ્ય ચૂંટણી કમિશનર સમક્ષ રજુઆત કરવા માટે સક્રિય વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

## જળરાશિનો સંગ્રહ... ● છેલ્લા પાનાનું ચાલુ

એમ.સી.એમ. (૧૦.૭૬ ટકા) અને સૌરાષ્ટ્રના જળાશયોમાં ૪૨૯ એમ.સી.એમ. (૧૭.૧૫ ટકા) જળરાશિનો સંગ્રહ થઈ ગયો છે.

ચાલુ વર્ષે જૂનના પહેલા અઠવાડિયાથી જ વરસાદનો પ્રારંભ થઈ જતા રાજ્યના જળાશયોમાં જળરાશિની સપાટીમાં નોંધપાત્ર વધારો થયો છે. આજે સવારે ૭ વાગ્યા સુધીમાં ચાલુ વર્ષે રાજ્યમાં સરેરાશ ૩૪.૩૫ ટકા સાથે સરેરાશ ૨૭૪.૧૫ મિ.મિ. વરસાદ નોંધાયો છે. તેમાં સૌરાષ્ટ્રમાં સરેરાશ ૨૮૦ મિ.મિ., (૪૪ ટકા), ઉ. ગુજરાતમાં ૧૯૯ મિ.મિ. (૩૦ ટકા), દક્ષિણ ગુજરાતમાં ૪૫૨ મિ.મિ. (૩૩ ટકા) મધ્ય-પૂર્વ ગુજરાતમાં ૨૩૭ મિ.મિ. (૨૯ ટકા), અને કચ્છમાં પણ સરેરાશ ૧૧૦ મિ.મિ. વરસાદ સાથે કુલ ૨૯ ટકા વરસાદ નોંધાતા સમગ્ર રાજ્યની કુલ સરેરાશ ૭૯૮ મિ.મિ. સામે ૨૭૪ મિ.મિ. એટલે કે ૩૪.૩૫ ટકા વરસાદ નોંધાઈ ગયો છે.